

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ઘોંટી દે ગળું ન્યાયનું, ચૂકાદા ફરી જાય છે
સત્તાની લાલસામાં નીતિ-મૂલ્યો મરી જાય છે,
સરી જાય છે ‘ઈમેજ’ દેશના વડા તરીકે -
ગુલામ લોકશાહી નિસાસા ભરી જાય છે!

**હાઈકુ**

થઈ કૌભાંડે -
આબરૂ દાણા દાણા -
‘અનાર’ ગાણાં...

વિપક્ષ પણ,
બને છે રમકડાં -
ચાવી દીધેલાં...
(બધાં માંયના માંય)

### ચિંતન

**અશ્વસ્થામા બલિર્વ્યાસો હતુમાંશ્ચ વિભીષણઃ ।**
**કૃપઃ પરશુરામશ્ચ સપ્તૈતે ચિરજીવિનઃ ॥**

આપણાં પવિત્ર પ્રસિદ્ધ ધાર્મિક ગ્રંથોમાં કેટલાંક પવિત્ર-પૂજય અને અમર પાત્રો થઈ ગયાં. ‘અમર’ એટલે ઈતિહાસમાં ‘શબ્દ’થી અમર નથી પણ જેમનું મૃત્યુ જ નિર્મિત નથી થયું એવા મહાત્માઓ.

આવા પુણ્યાત્માઓ આજે પણ પૃથ્વી પર કોઈ અજ્ઞાત-એકાંત વાસમાં શરીર ધારી રીતે જીવે છે. શ્વાસ લે અને ચિરં-જીવી કહેવાય છે.

એમની ભક્તિ-ઉપાસના-સાધનાથી આજે પણ રૂબરૂ દર્શન આવી શકે છે. આવી સાત અમરમૂર્તિનાં નામ છે :

(૧) ગુરુ દ્રોણાચાર્યના પુત્ર અશ્વસ્થામા. (૨) જેણે વામન સ્વરુપે આવેલા કૃષ્ણને દાનમાં ત્રણ લોક આપ્યા તે દાનવીર બલિરાજા. (૩) પુરાણો અને મહાભારત લખનારા શ્રી વેદ-વ્યાસજી (૪) ભગવાન રામના સેવક હનુમાનજી (૫)રાવણના ભાઈ વિભિષણજી (૬) કૃપાચાર્યજી અને (૭) ભગવાન પરશુરામ જેણે સાતવાર પૃથ્વી ન-ક્ષત્રીય કરી.

### સુવિચાર

- લાંચ રૂશ્વત, બેઈમાની, બેવફાઈના દૌરમાં,
  જિંદગી મુજરો કરે છે, જૂઠની મહેફિલમાં - **બરકત વિરાણી**
- લકવાગ્રસ્ત માણસ સારો પણ લુચ્ચાઈ ગ્રસ્ત માણસ ખરાબ - **મોરારિ બાપુ**
- આળસ માણસ કાંટા વગરની ઘડિયાળ જેવા છે, એ ચાલુ હોય કે બંધ -
  બંને સ્થિતિમાં નિરુપયોગી છે - **સંત રોબિન**
- દુરાચાર હંમેશા સદાચારની છાયામાં અને
  એના વેશમાં જ સૌને છેતરી શકે છે... - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ‘ગેરસમજ’ ની વેલ હીરા જેવા સંબંધોનું હીર ચૂસી લે છે - **કાંતિ ભટ્ટ**
- ભૂલવા જેવી વાત યાદ છે... બસ એટલે જ તો વિવાદ છે - **હંસલ ભચેચ**
- આજનું ઔષધ : બાદીયા, સુંઠ, જીરુનો ઉકાળો બનાવી પીવાથી પેટનો દુઃખાવો,
  કબજીયાતમાં તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

માણસ સત્યનિષ્ઠ હોય, સેવાભાવી હોય અને ધ્યેય માટે કૃતનિશ્ચયી હોય તો જ સાચું નેતૃત્વ આપી શકે. ગાંધીજીએ દેશના યુવાનોને સાચું નેતૃત્વ અને માર્ગદર્શન દ્વારા હિંમતવાન-નીડર-નિર્ભય બનાવ્યા તેથી જ યુવાનો ‘શહિદી’ માટે તત્પર રહેતા.

‘અસહકાર’ આંદોલન ચાલુ હતું. સરકારી વસ્તુ, યોજનાનો વિરોધ થતો ‘કારકૂન’ પેદા કરવાની નિશાળોનો વિરોધ શરુ કર્યો. અંગ્રેજો આવા વિરોધ-પ્રચાર-સભા-આંદોલનને કડક હાથે દાબી દેવામાં આવતો હતો.

એક યુવાને યુક્તિ કરી. પોતાના ગળામાં એક બોર્ડ બનાવી ‘સરકારી શાળામાં ભણવું મહાપાપ છે.’ લટકાવ્યું અને બજારમાં - અને સ્કૂલ પાસે ઊભો રહેતો.

કલેકટરને ખબર પડી. રૂબરૂ આવ્યા પૂછ્યું, આ શું કરો છો? યુવાને હિંમતથી જવાબ દીધો. ‘સ્વદેશી માલની જાહેરાત’ આમાં કાયદાનો ભંગ નો’તો કલેકટર ચાલ્યા ગયા. આ યુવાનને લોકસેવક શ્રી અબ્બાસ તૈયબજી.

# ચૂંટણી ટાણે જ પુલ દુર્ઘટના

## તંત્રીસ્થાનેથી...

બરાબર ચૂંટણીના દિવસોમાં જ પશ્ચિમ બંગનાં મુખ્યમંત્રી મમતા બેનરજી સામે કુદરતી આફત આવી પડી છે. કોલકાત્તાના બડા બજાર જેવા ભરચક વસતિ ધરાવતા એરિયામાં છેલ્લા નવ વર્ષથી બની રહેલ દીર્ઘ ફલાય ઑવરનો તાજો નિર્માણ પામેલો ભાગ તૂટી પડતાં અસંખ્ય લોકોએ કાં તો જીવ ગુમાવ્યો છે અથવા ગંભીર રીતે ઘાયલ થયા છે. ચૂંટણીઓ નજીક આવતાં આ વિવેકાનંદના નામ સાથે જોડાયેલ પુલના નિર્માણ કાર્યમાં ગતિ આવી ગઈ હતી. વિપક્ષોને મમતા બેનરજી વિરુદ્દ બરાબર ચૂંટણીના દિવસોમાં જ એક અસરકારક પ્રચાર મુદ્દો મળી ગયો છે. શારદા ગોટાળામાં મમતાના મંત્રીમંડળના ઘણા સાથીઓની સામેલગીરી સાબિત થઈ છે અને કેટલાક તો જેલની હવા ખાઈ રહ્યા છે. એ સિવાય પણ મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરોની જોહુકમી અને ભ્રષ્ટાચારના કિસ્સા એમની પાર્ટીની ઈમેજ ખરડતા રહ્યા છે. તેમ છતાં, અંગત રીતે મમતા બેનરજીનીછાપ એવી મજબૂત રહી છે કે છેલ્લાં સર્વેક્ષણોમાં મમતા બેનરજીના પુનરાગમનના સંકેતો જ મળ્યા હતા. ચોત્રીસ વર્ષના સામ્યવાદી શાસનને ઉખાડી ફેંકનાર મમતા બેનરજી મૂળે તો કોંગ્રેસી ગોત્રનાં જ કાર્યકર્તા છે. પરંતુ એમનું અંગત જીવન તદ્દન સાદું અને લોકાભિમુખ છે. રતન તાતા જેવા મોટા ગજાના ઉદ્યોગપતિને બંગાળમાંથી ઉચાળા ભરી ગુજરાતમાં દોડી આવવું પડ્યું હતું, તે કોઈ નાનીસૂની ઘટના નહોતી. મમતાએ ખેડૂતોની જમીનો હસ્તગત કરવા મથતા મૂડીવાદી ઉદ્યોગપતિને રીતસર તગેડી મૂકીને એમનું લોકનાયિકા સ્વરુપ દ્રઢીભૂત કર્યું હતું. મમતા સામે કોંગ્રેસ અને ડાબેરીઓએ ગઠબંધન કર્યું છે અને ભારતીય જનતા પાર્ટી નરેન્દ્ર મોદીના વિકાસના મુદ્દા પર મેદાનમાં ઉતરી છે. ખુદ એમની સામે આ વખતે ભાજપ એન કોંગ્રેસ પ્રતિષ્ઠિત હસ્તીઓને મેદાનમાં ઉતારી છે. ભાજપે સિને અભિનેત્રી - પડદાની દ્રૌપદી રૂપા ગાંગુલીને અને કોંગ્રેસે શ્રીમતી દાશમુંશીને મેદાનમાં ઉતારી મમતા બેનરજીને ઘેર્યાં છે. આ બેઉ પરિબળો સામે ઝઝૂમતાં મમતા બેનરજી એમની પ્રાદેશિક પાર્ટીનાં એકમાત્ર સ્ટાર પ્રચારક છે. પશ્ચિમ મિદનાપુર જિલ્લાની પ્રચાર સભાઓ પડતી મૂકીને મમતા કોલકાત્તાના દુર્ઘટનાસ્થળે દોડી આવી બચાવ કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે ત્યારે આપણને મચ્છુ હોનારત વખતે મોરબીમાં ડેરા નાખી બચાવકાર્ય કરનારા ગુજરાતના સાધુપ્રકૃતિના પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈની યાદ આવ્યા વગર ન રહે. સાદી ઈસ્ત્રી વગરની ખાદીની સાડી, સાદાં સ્લીપર કે ચંપલ પહેરી અહર્નિશ સાધારણ લોકોની સમસ્યાઓ ઉકેલતાં મમતા બેનરજી ભારતીય લોકશાહીના ઈતિહાસનું એક યાદગાર કેરેકટર છે. ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી કૈલાશ વિજયવર્ગીય અને કેન્દ્રીય મંત્રી અબ્બાસ નકવીએ પુલ દુર્ઘટના મુદ્દે હલકું રાજકારણ ચાલુ કરી દીધું છે. આવા વખતે આક્ષેપ-પ્રતિ આક્ષેપના ગંદવાડથી દૂર રહી આવી પડેલી આફતનો ઉકેલ શોધવાનો હોય. પરંતુ આપણા ચીલાચાલુ રાજકારણીઓ પાસે એવી અપેક્ષા રાખવી તે વધુ પડતું જ ગણાશે. એ બધાની સરખામણીમાં મમતા બેનરજી મૂઠી ઊંચેરા સાબિત થઈ રહ્યાં છે. પોતાના જ માથે ચૂંટણી જીતવા અને જિતાડવાની તમામ જવાબદારી હોવા છતાં એ ચૂંટણીપ્રચાર પડતો મૂકી ઘટનાસ્થળે દોડી ગયાં અને મૃતકો તથા ઘાયલો માટે સહાય જાહેર કરવા ઉપરાંત રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બેઉનાં સંયુક્ત પ્રયાસો દ્વારા કાટમાળ નીચે ફસાયેલા લોકોની બચાવ કામગીરી ઝડપી બની રહે, એ માટે દિશાનિર્દેશો આપવા લાગ્યા. મમતા બેનરજીએ આ દુર્ઘટનાથી વ્યથિત થઈને તાત્કાલિક પુલ બનાવનારી કંપની સામે તપાસ સમિતિ પણ નીમી દીધી છે. કેન્દ્ર સરકારે તાબડતોબ એનડીઆરએફ અને સેનાના જવાબો મોકલી આપ્યા છે તે સારી વાત છે, પરંતુ પાર્ટીના પ્રવક્તાઓ મડદાં પર રોટલા શેકવા મેદાનમાં ઉતરી પડ્યા છે, તે વખોડવા પાત્ર બાબત છે.

# પ્રજા મૂળ છે, રાજા ફળ છે, મૂળ મીઠું થશે તો ફળ મીઠું જ પાકવાનું



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

### લોકશાહી વિશે સ્પષ્ટ શીખ મહાત્મા ગાંધીની

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓ આવી રહી છે. પાટનગર ગાંધીનગરની પ્રજાકીય સુખ-સુવિધા અર્થે પોતાના પ્રતિનિધિ ચૂંટવા માટે ગાંધીનગરાઓને બીજી વાર તક મળી છે એક તરફ આ કોર્પોરેશન કરતાં પહેલાંની સ્થિતિ સારી હતી. નોટિફાઈડ એરિયા હસ્તક વહિવટ શું ખોટો હતો ? - એવી ચર્ચા કરનારા પણ ઘણાં મિત્રો છે. અલબત્ત આપણે તો અહીં મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહી શાસન જે પ્રાપ્ત થયું છે - પ્રજા વહિવટનું રાજ છે તેની વાત મહાત્મા ગાંધીના વિચારો સંદર્ભે કરવી છે.

કોંગ્રેસના સભ્યપદ માટે ચાર આનાનું લવાજમ કરતાં ખાદીના વસ્ત્રોના ઉપયોગની શરત જેમને વધારે યોગ્ય અને મહત્ત્વની લાગતી એવા મહાત્મા ગાંધીને મને તેમની સાથે જોડાયેલા સક્રીય કાર્યકરો શ્રમ પ્રતિષ્ઠાના આગ્રહીઓ જ નહીં પણ એ અંગેનું આચરણ કરનારા પણ હોય એવી માંગ તેમની હતી. પશ્ચિમી સમાજવાદી પ્રવાહોની અસર હેઠળ આવેલા નવલોહિયાઓ અને ઝંડાધારીઓ પોતાની જુદી પાંખ સ્થાયે એને પણ ગાંધીજીએ આવકારી હતી. લોકશાહીના વિચારમાં પક્ષમાં પણ જુદી પાંખની છૂટછાટ તો ગાંધી જેવા લોકશાહી ભાવનાથી ભારોભાર રંગાયેલા રાજનેતા જ કરી શકે.

ગાંધીજી જયારે કોંગ્રેસના નવા આવેલા નવલોહિયા નેતાઓએ ‘શાંતિભર્યા અને વાજબી સાધનાનો’ અવલંબ કરવાની વાત ઉચ્ચારી પણ ગાંધીને મન તો ‘સત્યમય અને અહિંસક’ સાધનો જ કામનાં અને મહત્ત્વના હતા. પોતાના આદર્શો અને વિચારો અનુસારના કાર્યક્રમો અપનાવવાનું કોંગ્રેસનું વલણ નથી એ ગાંધીજી સમજી ગયા હતા. જો તેઓ ધારત તો તેમના વડીલપણાં અને કરિશ્માના નેતૃત્વ થકી પોતાની તમામ બાબતો મુદ્દા કોંગ્રેસ પર લાદી શક્યા હોત. પરંતુ એવું કરવું એ તો બિન લોકશાહીપણાની અવધિ થાય! ગાંધીજી જેવા લોકશાહી પ્રિય આત્માને હાથે એવું બને જ કેમ! એમણે બીજો રસ્તો અપનાવ્યો - પોતે જ કોંગ્રેસમાંથી છૂટા થયા ! સેવાગ્રામ આશ્રમ, વર્ધાથી મહાત્મા ગાંધીએ તા. ૧૭ સપ્ટેમ્બર ૧૯૩૪ના રોજ એક લંબાણભર્યું નિવેદન પ્રગટ કર્યું અને પોતે કોંગ્રેસમાંથી છૂટા થવાના છે એ અહેવાલનું સમર્થન કરતાં પોતાના નિર્ણયની ભૂમિકા અને એ માટેના કારણો વિગતવાર રજૂ કર્યા હતા.

કોંગ્રેસમાંના બુદ્ધિવાદી વર્ગના મોટાભાગના લોકો ‘મારા વિચારો અને સાધનોથી કંટાળ્યા છે.’ એવી છાપ ગાંધીજીએ એમાં સ્પષ્ટપણે વ્યક્ત કરી. તે સમયની પશ્ચિમની લોકશાહી કસોટી પર મૂકાઈ છે એમ કહી ગાંધીજીએ તે વખતે ઉમેર્યું કે લાંચરુશ્વત અને ઢોંગ લોકશાહીના અનિવાર્ય નિપજ કદી બનવી ન જોઈએ. મહાત્માજી વધુ સ્પષ્ટ કરતાં કહે છે ‘પ્રજાની ભાવના, આશા અને અપેક્ષાઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતા થોડાક પ્રતિનિધિઓના આચારવિચાર સાથે સાચી લોકશાહી અસંગત નથી. સાચી લોકશાહી મારી મચડીને કે બળજબરીથી ન થઈ શકે એવું કહીને તેઓ જે એક વાક્ય પોતાની આગળની વાતના સમર્થનમાં અને જાહેર જીવનની વ્યક્તિઓ અને આમ પ્રજામાં વ્યાપક સમજણ લોકશાહીની પ્રસરે તે માટે એક સુંદર મજાનું વાક્ય ગાંધીજીએ કહ્યું હતું. મહાત્મા ગાંધીએ સ્પષ્ટ કહ્યું છે કે ‘લોકશાહીની ભાવના બહારથી લાદી ન શકાય. તે તો અંતરથી સ્ફુરવી જોઈએ.’’

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી ટાંકણે લોકશાહીનો સાર ગાંધીજીના શબ્દોમાં આપણે યાદ કરીએ :

“પ્રજા મૂળ છે, રાજા ફળ છે, મૂળ મીઠું થશે તો ફળ મીઠું જ પાકવાનું.’’

સંદર્ભ : લોકશાહી, જાહેર જીવન, સામાન્ય ચૂંટણી, લેખક-પુરુષોત્તમ ગણેશ માવળંકર, સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ, વર્ષ - ૧૯૮૪

**(લેખક : ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# વર્તમાનમાં જીવવું એક કળા છે



## અદબ-પલાંઠી મોં પર આંગળી

ડો. સંતોષ દેવકર

રસ્તાની બન્ને તરફ કેસૂડો પથરાયેલો છે. આ કેસૂડાને જોઈ હરખાવાનો એક અનેરો આનંદ હોય છે. દર વર્ષે આ આનંદ બેવડાય છે. કેસૂડાના ફૂલોની પથારી કોઈ કમભાગીને આકર્ષી ન શકે તો એમાં વાંક કોનો ? વનવગડામાંથી પસાર થતાં ચોતરફ કેસૂડાનું સામ્રાજય પ્રસરેલુ ને પથરાયેલું જોવા મળે છે. વસંતના વધામણાં દરેકના નસીબમાં કયાંથી ?

ભગવદ્ ગીતામાં કૃષ્ણ કહે છે કે

– ઋતુનાં કુસુમાકર : અસ્મિ
(બધી ઋતુઓમાં હું વસંતઋતુ છું.)

ફૂલ હોય એટલે સુગંધ હોય જ એમ આપણે ટેવાયેલા છીએ. પરંતુ દૂરથી નજર માંડતા વૃક્ષ પર લચી પડેલા કેસૂડાના ફૂલોને જોઈ એક ભવ્યતા ને દિવ્યતાનો અનુભવ થયા વગર ન રહે. આ દિવ્યતા મ્હોરી ઉઠે છે જયારે કેસૂડાનું એવું ઝાડ મળે કે જેમાં પાંદડા ન હોય અને માત્ર કેસૂડાના ફૂલ જ હોય ત્યારે કેસૂડો નવું રૂપ ધારણ કરે છે ને તેનું સૌંદર્ય ખીલી ઉઠે છે. મનુષ્ય નવો ગુણ ધારણ કરે ને અવગુણ ખરી પડે ત્યારે દિવ્યતા પ્રગટે છે.

નવો ગુણ કેળવવા શીખવું પડે. કંઈક નવું શીખવું પડે. જાતને અપડેટ કરવી પડે. નવું હંમેશા નાવીન્ય લાવે. જે નવું શીખે તે કયારેય પાછો ન પડે. નવુ શીખવાની વૃત્તિ સર્જનાત્મકતાની જનની છે. સર્જકતા અને ઉત્સાહને નજીકનો સંબંધ છે. જે ઉત્સાહી છે તે આનંદી છે, જે આનંદી છે તે પ્રસન્ન છે, ને જે પ્રસન્ન છે તે સર્જક છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર કહે છે તેમ જે નવું શીખી ન શકે તે શીખવી કેમ શકે ? પોતાની જાતને પ્રસન્ન રાખવા માટે પણ શીખવું પડે. વર્તમાન જગત સાથે તાલ મિલાવવા માટે પણ શીખવું પડે. જે શીખે છે તે ચાલે છે, બાકીના અટકી પડે છે.

**વસંતના વૈભવને પ્રિયજન સાથે આવકારીએ, નવું શીખીએ અને વર્તમાન સાથે જીવીએ, જે શીખે તે ચાલે, ન શીખે ન ચાલે, નવી ટેકનીક, નવો વિચાર, નવી ઉર્જા, નવી પધ્ધતિ સાથે ઋતુ વસંત અને કેસૂડાને સંગ આપણે પણ મહેંકીએ**

વર્તમાનમાં જીવવું એક કળા છે. ઘણાંને ભૂતકાળમાં જ જીવવાની કુટેવ પડે ગઈ હોય છે. તો કેટલાક ભવિષ્યના ડરથી વર્તમાનને ખોઈ બેસતાં હોય છે. વર્તમાનની તમામ હકારાત્મક બાબતોને સ્વીકારવી અને જીવનમાં લાવવી પ્રમાણમાં મુશ્કેલ છે, છતાં અશકય નથી. એક બુટપોલીશવાળો જો નવા બુટ અને નવી લોન્ચ થયેલી પોલીશ અને ક્રીમ વિશે ન જાણે તો તેના ધંધાની પ્રગતિ કેવી રીતે થઈ શકે, ભલા ? એક ડાંકટરને શોધાયેલી નવી દવાઓ વિશે ને નવી ઓપરેશનની ટેકનીક વિશે બેદરકાર રહેવું પોસાય ખરું ? વકીલ જો નવા કાયદા અને જુદી જુદી કોર્ટોએ આપેલા પૂર્વ નિર્ણયો વિશે ન જાણે અથવા તે બાબતે સભાનતા ન દાખવે તો એક સફળ એડવોકેટ બની શકે ખરો કે ?

નવું-નવું શીખવું અને વર્તમાન સાથે જીવવું એ નિયતી છે. પ્રવર્તમાન સમયમાં ‘લાઈવ’ રહેવું જરૂરી નહિ અનિવાર્ય છે. વર્ગખંડમાં વર્ષોજૂની ડાયરીમાંથી જૂનું લેકચર ફટકારતાં પ્રાધ્યાપકને આઉટડેટેડ થતાં વાર નથી લાગતી. આજના ગુગલ વિદ્યાર્થીઓ ઘણું બધુ નીતનવું સર્ચ કરીને વર્ગખંડમાં આવતાં હોય છે. સફળ શિક્ષક એ છે જે વિદ્યાર્થીઓ કરતાં વધુ સારી અને ચોકકસ રીતે અપડેટ હોય. કેટલીક ઓફિસોમાં સાહેબ કરતાં પટાવાળો વધુ અપડેટ હોય એવું બને !

**જગત પાસેથી એવુ ‘કંઈક’ મેળવવાની વાત એટલે કે કંઈક નવું અને અન્યથી જૂદુ શીખવાની વાત, જે નવું અને અલગ કરે છે તે જીતે છે**

ભારતીય લીજેન્ડ શહેનશાહ અમિતાભ બચ્ચનને કોણ નથી ઓળખતું ? હજી આજે પણ આ ઉંમરે, તે શીખે છે, અને ચાલી રહયા છે. લતામંગેશકર હોય કે હેમામાલિની આજે પણ એટલાં જ લોકપ્રિય છે. તેઓ નવુ શીખે છે ને વર્તમાન સાથે તાલ મિલાવે છે. રસોઈ બનાવવાની બાબત હોય કે ક્રિકેટની રમત હોય, આરોગ્ય હોય કે શિક્ષણ,નવુ શીખવાની વૃત્તિ સફળતા તરફ દોરી જાય છે.

દરેક વ્યવસાય નાવીન્ય સાથે બદલાવ માગતો હોય છે. કેટલાક નવુ શીખતાં ગભરાતાં હોય છે. શીખવાનું જોખમ લેતાં ડરતાં હોય છે. નિષ્ફળ જવાય તો ? લોકો શું કહેશે ? જે વર્તમાન સાથે તાલ મીલાવી શકતો નથી તેને વર્તમાન પાછળ મૂકી દે છે લોકો તેમને હાંસિયામાં ધકેલી દે છે. ટાગોર યુવાનોને સંબોધીને કહે છે કે ‘‘જગત પાસેથી એવું કંઈક મેળવી લો અને પછી જંગલમાં જઈને બેસો. તમે જોશો કે જગત તમારી પાછળ આવશે.’’

જગત પાસેથી એવુ ‘કંઈક’ મેળવવાની વાત એટલે કે કંઈક નવું અને અન્યથી જૂદુ શીખવાની વાત. જે નવું અને અલગ કરે છે તે જીતે છે.હંમેશાં નાવીન્ય પાથરતાં વસંતના વૈભવથી બચવું મુશ્કેલ છે. ઋતુસંહારમાં કવિ કાલીદાસ વસંતઋતુનું વર્ણન કરે છે :

સુખા : પ્રદોષાઃ દિવસાશ્ચ રમ્યા : સર્વં પ્રિયં ચારુતરં વસન્તે

(સંધ્યાનો સમય સુખમય વીતે છે અને દિવસો રમણીય બને છે હે પ્રિયા! વસન્તઋતુમાં સઘળું સુંદર બની જાય છે.)

વસંતના વૈભવને પ્રિયજન સાથે આવકારીએ, નવું શીખીએ અને વર્તમાન સાથે જીવીએ. જે શીખે તે ચાલે, ન શીખે ન ચાલે. નવી ટેકનીક, નવો વિચાર, નવી ઉર્જા, નવી પધ્ધતિ સાથે ઋતુ વસંત અને કેસૂડાને સંગ આપણે પણ મહેંકીએ.


મિસરી

‘વા’ થી શરીરનું માત્ર એકાદ અંગ ઝલાય છે.
પરણ’વા’ થી માણસ આખે આખો ઝલાઈ જાય.

(અજ્ઞાત)

- santoshdevkar03@gmail.com

# સાહિત્ય પરિસંવાદ અને ગૌરવ પુરસ્કાર



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર ‘દધિ’

વૃત્ત સંચય

● ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર, વીરમાયા સ્મારક સમિતિ - પાટણ અને આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ - ખેરાલુના સંયુક્ત ઉપક્રમે એકદિવસીય પરિસંવાદ ‘વીરમાયાના જીવનનું સાહિત્યમૂલ્ય અને તેનો દલિત સાહિત્ય ઉપર પ્રભાવ’ વિષયે તા. ૨૭મી માર્ચ ૨૦૧૬ના રોજ આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ - ખેરાલુ, જિ. મહેસાણા ખાતે યોજાઈ ગયો. જેમાં ગુજરાત સરકારના જળ, સંપત્તિ, વિભાગના સંસદીય સચિવ ભરતસિંહ ડાભીએ વિશેષ ઉપસ્થિત રહી પરિસંવાદ ખૂલ્લો મૂક્યો હતો.

ગાંધીનગર નિવાસી અને પ્રખર સાહિત્યકાર, નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ બીજ વકતવ્ય આપી, વીરમાયાએ માનવકલ્યાણ અને જીવકલ્યાણ માટે આપેલ આહુતિને યાદ કરીને જમાવ્યું હતું કે, મહારાજ સિદ્ધરાજ જયસિંહ સોલંકીએ પાટણમાં બંધાવેલ સહસ્ત્રલિંગ તળાવમાં, સતિ જસમા ઓડણના શ્રાપને લીધે પાણી આવતું ન હોવાથી જોશીઓના જોશ પ્રમાણે બત્રીસ લક્ષણો પુરુષ હોમાય તો સરોવરમાં પાણી આવે અને આમ વીરમાયા નામના વણકર દલિતે પોતાનું બલિદાન આપતાં સરોવર પાણીથી છલકાયું હતું. આ વીરમાયાએ માનવકલ્યાણ અને જીવમાત્ર માટે જીવન હોમ્યું છે. એટલે એમની શહાદતને સમગ્ર માનવ સમાજે સદાય યાદ રાખવી જોઈએ.

આ પરિસંવાદના મુખ્ય અતિથિ તરીકે સરકારી વકીલ મહેસાણા - ચંદનસિંહ રાજપૂત અને મહેસાણા જિલ્લા પંચાયતના સદસ્ય કેશુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જયારે અતિથિ વિશેષ તરીકે ખેરાલુ તાલુકા પંચાયતના પ્રમુખ દિલીપસિંહ રાણા, ખેરાલુના નગરપતિ પ્રેમજીભાઈ દેસાઈ, ખેરાલુ વીરમાયા ટ્રસ્ટના પ્રમુખ ત્રિકમલાલ મકવાણા અને મહાનુભાવોમાં ખેરાલુ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજના પ્રિન્સિપાલ રણછોડભાઈ ચૌધરી, વીરમાયા સ્મારક સમિતિના પ્રમુખ ઝવેરભાઈ ચાવડા, સંયોજક ડૉ. નરસિંહદાસ વણકર, મંત્રી ડી.પી. પરમાર, અને ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી મૂળજીભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. દલિત સાહિત્યકાર અને કવિ ભી.ન. વણકર, સાહિત્યકાર કે.કે. વૈષ્ણવ, કવિ ડૉ. ધીરજ વણકર, કવિ - ગઝલકાર - ભરતવાળા, સાહિત્યકાર બાલકૃષ્ણ આનંદ, સાહિત્યકાર, ડૉ. પી.એ. પરમાર, કવિ નગીન ડોડિયા, સાહિત્યકાર દશરથભાઈ પરમાર વિગેરેએ પોતાના વકતવ્યોમાં વીરમાયા દેવની જીવનગાથા અને તેમના જીવનના સાહિત્યમૂલ્ય અને તેનો દલિત સાહિત્ય ઉપર પ્રભાવ તથા ‘ઈતિહાસના આઈનામાં મહાવીર માયો’ વિશે પુરાવાઓ સાથેની માહિતી રજૂ કરી હતી.

આ સમારોહના સમાપનમાં વયોવૃદ્ધ સાહિત્યકાર બબલદાસ ચાવડા ઉર્ફે ‘બુદ્ધિધન વિસનગરી’ એ માયાદેવને શાબ્દિક અર્ધ્ય આપી, કોર્પોરેટર અને ખેરાલુ વીરમાયા ટ્રસ્ટના મંત્રી દશરથલાલ પરમારે આભારવિધિ કરી હતી જયારે આ સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન ડૉ. નરસિંહદાસ વણકરે કર્યું હતું.

● ગુજરાત સરકારના રમતગમત, યુવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હેઠળની સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર આયોજિત ‘ગૌરવ પુરસ્કાર અર્પણ’ સમારંભ તા. ૩૦-૩-૧૬ ના રોજ રાજભવન ખાતે યોજાઈ ગયો. જેમાં માન. મહામહિમ રાજયપાલ ઓ.પી. કૉલલીજી, માન. મંત્રી નાનુભાઈ વાનાણી, અકાદમીના મહામાપ મનોજ ઓઝા, અધ્યક્ષ ભાગ્યેશ જહા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં (૧) સંસ્કૃત ગૌરવ પુરસ્કાર - ૨૦૧૫ અને (૨) સંસ્કૃત યુવા ગૌરવ પુરસ્કાર-૨૦૧૫ એનાયત કરવામાં આવ્યા.

સ્વાગત પ્રવચન અને ગૌરવ પુરસ્કાર પરિચય ભાગ્યેશ જહા દ્વારા સંસ્કૃતમાં આપવામાં આવ્યો. મંત્રી નાનુભાઈ વાનાણીએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું કે : ‘સમાજને ચિંતા છે કે પ્રાચીન પરંપરાઓ લુપ્ત થતી જાય છે. સંસ્કૃત એ ભાષા નથી, તેની જડ સંસ્કૃતિ સાથે છે એટલે તેનું સંવર્ધન અતિસાવધાનીથી કરવું પડે. સમાજમાં બે પ્રવાહો - ધારા છે. (૧) લોકધારા - એટલે અમે રાજકારણીઓ અને (૨) શ્લોકધારા - એટલે ભાગ્યેશ જહા જેવા સંસ્કૃતવિદો. સંસ્કૃતમાં ‘ગુજરાત સર્વકારસ્ય’ લખ્યું છે, તેમાં ‘સર્વકારસ્ય’’ એટલે જે સર્વકાર્ય કરે છે તે ‘સરકાર.’ તેનું પહેલું કામ સંસ્કૃતિનું રક્ષણનું છે. રાષ્ટ્રનો નાશ કરવો હોય તો પ્રથમ સંસ્કૃતિનો નાશ કરવો પડે. આ દેશ પર ઘણા લોકોએ આક્રમણો કર્યા, પણ સાંસ્કૃતિક રીતે તે અડીખમ ટકી રહ્યો છે.

આ ઉદ્બોધન બાદ, મહામહિમ માન. રાજયપાલશ્રી ઓ.પી. કોહલીજીના કરકમળથી પ્રો. અંબાલાલ મોતીરામ પ્રજાપતિનું ‘સંસ્કૃત ગૌરવ પુરસ્કાર - ૨૦૧૫ અર્પણ કરી શાલ અને સ્મૃતિ ચિહ્નથી નવાજવામાં આવ્યા ત્યારબાદ’ સંસ્કૃત યુવા ગૌરવ પુરસ્કાર-૨૦૧૫થી, સંસ્કૃત ભાષાના પ્રચારક અને પ્રસારક ગોપાલ બાલકૃષ્ણ ઉપાધ્યાયને નવાજી શાલ અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરાયા. ત્યારબાદ, સંસ્કૃત ગૌરવ પુરસ્કૃત ડૉ. અંબાલાલ પ્રજાપતિએ તાજેતરમાં જ રચેલું ગાંધીનગર વિષેનું સંસ્કૃત કાવ્ય ‘મહાત્મનો મંદિરમ્ પશ્યગાન્ધેય’ રજૂ કર્યું. ત્યારબાદ મહામહિમ માન. રાજયપાલે પોતાનું વકતવ્ય હિન્દીમાં આપતાં જણાવ્યું કે : ‘માન. મંત્રી એ ગુજરાતીમાં પ્રવચન આપ્યું એટલે મને મને હિન્દીમાં બોલવાની છૂટ મળી ગઈ છે. હું સંસ્કૃત ૭૫ % સમજું છું. પરંતુ બોલી શકતો નથી, કારણ કે વાતાવરણ નથી મળતું. સંસ્કૃત બોલવાનું વાતાવરણ જો ઘર અને બહાર હશે તો તે વ્યવહારની ભાષા બનશે. સમાજમાં જે ભ્રાન્તિઓ છે તે (૧) સંસ્કૃતે સમાજને વિભાજિત કર્યો છે તે ઉપરના વર્ગની ભાષા હતી અને આમજનની ભાષા નહોતી તેથી વિભાજન થયું (૨) તે મૃતભાષા છે - અપ્રચલિત છે (૩) સંસ્કૃત કેવળ ધર્મ-દર્શનની - મોક્ષ - સ્વર્ગની ભાષા છે.’ આ બાબતોનું દાખલા-દલીલો સાથે તેઓએ ખંડન કરતાં જણાવ્યું હતું કે સંસ્કૃતે તોડવાનું નહીં પરંતુ જોડવાનું કામ કર્યું છે. અહીં વક્તાઓનાં ભાષણ અને સંચાલન - બધું જ સંસ્કૃતમાં થયું; એટલે તે મૃત નથી, ઘણું લખાયું છે - લખાઈ રહ્યું છે અને સૃજન થઈ રહ્યું છે. મા જેમ બાળકોમાં જીવે છે તેમ ભારતીય ભાષાઓમાં સંસ્કૃત ‘તત્સમ્’, ‘તદ્ભવ’ શબ્દોમાં જીવે છે. સંસ્કૃત વિશે વિદેશી વિદ્વાન હોરેસ્ટ હેમેન વિલ્સન જેઓ કલકત્તા કૉલેજના પ્રથમ પ્રિન્સિપાલ હતા તેમના શબ્દો ‘સંસ્કૃત સુધા હૈ, પીકર મસ્ત - મતવાલ હો જાતે હૈ’ ટાંકીને તથા દેશી વિદ્વાન જવાહરલાલ નહેરુના શબ્દો ‘બેઝીક જીનીયસ ઑફ ઈન્ડિયા’ રજૂ કરીને સંસ્કૃતની સર્વોપરી સિદ્ધ કરી હતી. છેલ્લે મનોજ ઓઝાએ ઋણ સ્વીકાર કરી સમારંભની પૂર્ણાહૂતિ કરી હતી.